મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, મું. ગોંડલ.

ફોજદારી કેસ નં. ૧૪૧૧/૨૦૧૮
આંક:૭૪

FORM-A

ગોંડલના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, મું. ગોંડલ.	
જજમેન્ટ તારીખ	૧૧/૦૬/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	૧૪૧૧/૨૦૧૮
ગુનાની કલમ	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮
ફરીયાદી	ઉદયભાઈ સુરેશભાઈ ગોડા, રહે. ૨૪/૭ ભોજરાજપરા લાતી પ્લોટ, ગોંડલ, તા. ગોંડલ, જી. રાજકોટ.
ફરીયાદપક્ષે	વિધ્વાન વકિલશ્રી એસ. એન. પરમાર.
આરોપી	રાજુભાઈ રાયધનભાઈ ચાવડા, રહે. મેંઘાણીનગર-૧, માનવ ઉત્થાન મંદિર પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ, જી. રાજકોટ.
બચાવપક્ષે	વિધ્વાન વકિલશ્રી આઇ. બી. જાડેજા.

FORM-B
-આરોપીની વિગત-

આરોપીનું નામ	રાજુભાઈ રાયધનભાઈ ચાવડા,
ગુનાની કલમ	એન. આઇ. એકટની કલમ-૧૩૮
શું નિર્દોષ છોડયા/સજા કરી	સજા
કરવામાં આવેલ સજા	૧(એક) વર્ષની સાદી કેદની સજા
સી. આર. પી. સી. કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો	-

FORM-C
- ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી-

(એ). ફરીયાદપક્ષનો મૌખીક પુરાવો

અનુ. નં.	નામ	આંક
૧	ફરીયાદી ઉદયભાઈ સુરેશભાઈ ગોડાનું સરતપાસનું સોગંદનામું	૦૫

<u>ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા:-</u>

અ. નં.	વિગત	આંક
૧	પ્રોમીસરી નોટ	૩૩
૨	ચેક નં.૦૪૭૨૭૯	૩૪
૩	રીટર્ન મેમા	૩૫ અને ૩૬
૪	આરોપીને મોકલેલ નોટીસ	૩૭
૫	વીન્ડો સ્લીપ	૩૮
૬	રજી. એડીની એકનોલેજમેન્ટ	૩૯

<u>:: ચુકાદો ::</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી ગોંડલ મુકામે રહે છે અને વેપાર ધંધો કરે છે. ફરીયાદી અને આરોપી એકબીજાને મીત્રના નાતે ઘણા સમયથી ઓળખે છે. આ કામના આરોપી સાથે તેઓને અંગત સબંધ તથા મીત્રતા હોય આરોપીને પોતાની નાણાકીય અંગત જરૂરીયાત ઉપસ્થીત થતા ફરીયાદીએ આરોપીને તા.૧૮/૧૧/૨૦૧૭ ના રોજની પ્રોમીસરી નોટની વિગતે રૂા.૨૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એકવીસ લાખ પુરા તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ હાથ ઉછીની રકમ વગર વ્યાજે આપેલ, જે રકમના બદલામાં આરોપીએ તા.૧૮/૧૧/૨૦૧૭ ના રોજ પ્રોમીસરી નોટ કરી આપેલ અને તેઓને પોતાની ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી. રાજકોટના અલગ અલગ ચાર ચેકો આપેલા, જેમા ચેક નં.૦૪૭૨૭૯, ચેક નં.૦૪૭૨૭૭, ચેક નં. ૦૪૭૨૮૦ તથા ચેક નં. ૨૨૯૪૯૭ વાળા ચેકો તેમના નામ જોગ આપેલા, જે પૈકી ચેક નં. ૦૪૭૨૭૯ વાળો ચેક રૂા.૮,૦૦,૦૦૦/- અંકે રૂપીયા આઠ લાખ પુરાનો આરોપીની સુચનાથી તેમની બેંક ઓફ ઈન્ડીયા, ગોંડલ બ્રાંચમા તા.૧૭/૦૪/૨૦૧૮ ના રોજ કલીયર થવા માટે રજુ કરતા તેમની બેંક તરફથી તેઓને અસલ ચેક તથા રીટર્ન મેમો પરત આપવામાં આવેલ અને સદર ચેક ''અપુરતા ફંડ'' ના કારણે ચેક કલીયર થઈ શકેલ નહી તેવા શેરા સાથે પરત ફરેલ અને બેંક તરફથી તા.૧૮/૦૪/૨૦૧૮ ના રોજ જણાવવામાં આવેલ. જેથી આરોપીનો સંપર્ક કરતા આરોપીના કહેવા મુજબ ફરી વખત તા.૦૨/૦૭/૨૦૧૮ ના રોજ

તેઓએ તેમની બેંકમા સદર ચેક જમા કરાવતા બેંક તરફથી તેઓને અસલ ચેક તથા રીટર્ન મેમો પરત આપવામાં આવેલ અને ''અપુરતા ફંડ'' ના કારણે ચેક કલીયર થઇ શકેલ નહી તેવા શેરા સાથે પરત ફરેલ અને બેંક તરફથી તેવુ લેખીતમાં તા.૦૩/૦૭/૨૦૧૮ ના રોજ જણાવવામાં આવેલ જેથી તેઓને ચેક મુજબની તેમની કાયદેસરની લેણી રકમ મળી શકેલ નથી. જેથી આરોપીને તેમના એડવોકેટ મારફત તા.૦૯/૦૭/૨૦૧૮ ના રોજની લેખીત નોટીસથી તેઓના કાયદેસરના લેણા નીકળતા પૈસા પરત મેળવવા માટે મોકલેલ જે નોટીસ તા.૧૩/૦૭/૨૦૧૮ ના રોજ ધોરણસર બજી ગયેલ છે અને નોટીસ બજયા બાદ પણ તેમની લેણી રકમ પેટેના રૂપીયા ચુકવેલ નથી. તેથી ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના સબબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે અને ફરીયાદ મુજબ દાદ માંગેલ છે.

(૨) સદરહું ફરીયાદ દાખલ થતા કોર્ટે વેરીફીકેશન લીધા બાદ આંક–૦૧ નીચે હુકમ કરી આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ અન્વયે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ આરોપી અદાલતમાં હાજર થતા આંક–૧૩ થી પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ તેમની સામેના ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે, તે સિવાય અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ, ફરીયાદી તરફે આંક–૬૬ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવતા ફરીયાદીનો પુરાવો પુર્ણ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ, આરોપીનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષના પુરાવાઓનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. તેમજ જણાવેલ છે કે, તેમને બચાવમાં સાહેદ તપાસવા છે તેમજ વીશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે.

(૪) ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે વિ. વ. શ્રીએ આંક–૭૨ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જેની ચર્ચા પુરાવાની ચર્ચા સમયે કરવામાં આવેલ છે.

(૪.૧) તેમજ આરોપીના વિ. વ. શ્રી દ્વારા મૌખીક દલીલો કરવામાં આવેલ છે. જેમા જણાવેલ છે કે, ફરીયાદી રજુ પુરાવાથી તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ આરોપી ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉત્પન્ન કરવામાં સફળ રહેલ છે. તેમજ ફરીયાદી તેમની આર્થિક સક્ષમતા પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, આરોપી દ્વારા ફરીયાદીની આર્થિક સક્ષમતા પડકારવામાં આવેલ હોય તેમ છતા ફરીયાદી તેમની આર્થિક સક્ષમતા પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૫) ઉપરોકત હકિકત આધારે સદર કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–::મુદ્દાઓ::–

/૧/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે?

/૨/ શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

/// કારણો ///

મુદ્દા નં.૧:–

(૭) ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ગુનો પુરવાર કરવા માટે પુરવાર કરવા પડતા આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે, જે

નીચે મુજબ છે.

(૧) આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીના કાયદેસરના લેણાંની અંશત: કે સંપુર્ણ ચુકવણી પેટે ચેક આપેલ હોવો જોઇએ.

(૨) ચેક જે તારીખનો આપવામાં આવે તે તારીખથી ત્રણ માસમાં બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઇએ.

(૩) ચેક સ્વીકારયા વગર અપુરતા ભંડોળ, સ્ટોપ પેમેન્ટ, એકાઉન્ટ કલોઝ વિગેરે કારણસર વણચુકવ્યે પરત આવ્યો હોવો જોઇએ.

(૪) ચેક ધારણ કરનારે ચેક પરત ફર્યાનો બેંકમાંથી રીટર્ન મેમો મળ્યાના દિન ત્રીસમાં ચેક લખનારને સ્ટેચ્યુટરી ડિમાન્ડ નોટીસ આપેલ હોવી જોઇએ.

(૫) આરોપી સ્ટેચ્યુટરી ડિમાન્ડ નોટીસ બજયાના દિન-૧૫ માં ચેક મુજબની રકમ ફરીયાદીને ચુકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઇએ.

(૬) ત્યારબાદ એક માસમાં ફરીયાદ થયેલી હોવી જોઇએ.

આમ, ઉપરોકત તમામ આવશ્યક તત્વો એકીસાથે પરીપુર્ણ કરવામાં ફરીયાદપક્ષ સફળ રહે તો જ સદર ગુનો બન્યાનું પુરવાર થાય અને આરોપીને સદર ગુના અંગે જવાબદાર ઠેરવી શકાય.

(૦૮) ઉપરોકત જોગવાઇ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદીએ તેમની ફરીયાદ હકિકત સાબીત કરવા માટે આંક-૦૫ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. તેમા તેઓએ આંક-૦૧ ની ફરીયાદ હકિકતને સંપુર્ણ સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમજ આંક-૩૩ થી ૩૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

તેમજ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન જણાવેલ છે કે, તેઓ બી. કોમ સુધી ભણેલા છે. તેઓ સને ૨૦૧૫-૨૦૧૬ માં એક સહકારી મંડળીમા મંથલી કલેકશનનુ કામ કરતા હતા અને સાથે બેરીંગનુ કામ બીજા કોઈના કારખાનામા જોબથી કરાવતા હતા. તેઓ જે સહકારી

મંડળીમાં કલેકશનનુ કામ કરતા હતા તે રાજસ્થાનની હતી. જેની ગોંડલમાં એક બ્રાન્ચ આવેલ હતી જયાં તેઓ કલેકશનનુ કામ કરતા હતા જે બ્રાંન્ચ દેના બેંકની ઉપર આવેલ હતી. જેમા તેઓને દર મહીને રૂા.૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ નુ કમીશન મળતુ હતુ. તેમને એ વાતની ખબર નથી કે, સહકારી બેંકનુ જીલ્લા બેંકમા રજીસ્ટ્રેશન હોય છે. તેઓ ઓમ ઈન્ડસ્ટ્રીઝથી ધંધો કરતા હતા જે જગ્યા ભાડે રાખેલ હતી. ઓમ ઈન્ડસ્ટ્રીઝમાં કોઈ પાર્ટનર હતા નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ઓમ ઈન્ડસ્ટ્રીઝનું ગોંડલ વેચાણ વેરા કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સહકારી મંડળીમા કામ કરતા હતા ત્યારે તેઓ ગોંડલ મુકામે રહેતા હતા. તેઓએ સહકારી મંડળીમાં સને ૨૦૧૩ થી ૨૦૨૦ સુધી કામ કરેલ હતું. તેઓના કમીશનના પૈસા રોકડમા આવતા હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સહકારી મંડળીનુ જીલ્લા બેંકમા રજીસ્ટ્રેશન થયેલ હોય તે બાબતેનો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ઓમ ઈન્ડસ્ટ્રીઝમાં ધંધો કરતા હતા જેથી ગોડલમાં જ રહેતા હતા, રાજકોટમાં જતા નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ઓમ ઈન્ડસ્ટ્રીઝનું તેઓએ જી. એસ. ટી માં રજીસ્ટ્રેશન કરાવેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સને ૨૦૧૬ માં રાજકોટ ધારેશ્વર ડેરી સામે ધંધો કરતા નહી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, સને ૨૦૧૬ માં તેઓ રાજકોટ જતા નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી રાજકોટમાં રહેતા હતા અને તેઓ ગોંડલમાં ઓમ ઈન્ડસ્ટ્રીઝથી ધંધો કરતા હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સને ૨૦૧૬ મા રાજકોટમાં ધંધો કરતા હતા. એ વાતની તેમને ખબર નથી કે, આરોપી ખેતી કામ કરતા હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, નોટીસ, ફરીયાદમાં અને સરતપાસના સોગંદનામામા આરોપી ખેતી કામનો ધંધો કરતા હોય તેવુ બતાવેલ છે. એ વાતની તેમને ખબર નથી કે, રૂા.૨૦,૦૦૦/- થી વધુની રકમ ચેકથી આપવી પડે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સને ૨૦૧૫-૧૬ માં આરોપી ફરસાણનો ધંધો કરતા ત્યારે તેઓ તેમની બાજુમાં શીવડેરીના નામથી ધંધો કરતા નહી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ આરોપીને ૨૦૧૫-૧૬ માં ઓળખતા

નહી કે કયારેય જોયેલા નથી. ઓમ ઈન્ડસ્ટ્રીઝની વાર્ષીક આવક આશરે પાંચેક લાખ જેટલી છે. તેમણે રાજકોટમાં શિવ ડેરી સને ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી ચાલુ રાખેલી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, સને ૨૦૦૯, ૨૦૧૩ માં તકરારી ચેકો સિકયુરીટી પેટે તેઓની પાસે પડેલા. તા:૦૯/૦૯/૨૦૧૬ ના રોજ તેઓ રાજકોટ જતા ન હોય જેથી ફરીયાદ, નોટીસ તથા સરતપાસના સોગંદનામામા બતાવેલ લેણી રકમ રૂા.૨૧,૦૦, ૦૦૦/- (રૂપીયા એકવીસ લાખ પુરા) તેઓએ આપેલી નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદ, નોટીસ તથા સરતપાસના સોગંદનામામા તા:૦૯/૦૯/૨૦૧૬ ના રોજ રૂા.૨૧ ,૦૦, ૦૦૦/- (રૂપીયા એકવીસ લાખ પુરા) રોકડા હાથ ઉછીના આપેલા હોય એવી હકિકતનો ઉલ્લેખ કરેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તા:૦૯/૦૯/૨૦૧૬ ના રોજ તેઓએ તેમનુ કારખાનુ કે દુકાન વેચેલ હોય તેવુ બનેલ નથી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તા:૦૯/૦૯/૨૦૧૬ રોજ તેઓની પાસે રૂા.૨૧,૦૦,૦૦૦/- (રૂપીયા એકવીસ લાખ પુરા) જેટલી રકમ ન હતી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ પ્રોમીસરી નોટ કરાવેલી ત્યારે આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/- (રૂપીયા એકવીસ લાખ પુરા) રોકડા અને તે રકમ પેટે આરોપીએ તેઓને ચેક આપેલા છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આ ફરીયાદવાળા તકરારી ચેકમાં તારીખ, નામ અને રકમ તેઓએ ભરેલી છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીને ઘરના સરનામે નોટીસ બજેલ ન હોવા છતા તેઓએ નેગોશીએબલની ખોટી ફરીયાદ કરેલ છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, સને ૨૦૧૫-૧૬ માં તેઓની પાસે રૂા.૨૧,૦૦,૦૦૦/- (રૂપીયા એકવીસ લાખ પુરા) ન હતા પણ તેઓના મિત્રએ તેઓને આપેલા. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી સાથે તેઓને સને ૨૦૧૦-૨૦૧૧ મા વ્યવહાર થયેલો. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓનો સને ૨૦૧૩ મા ધંધો બંધ થયા પછી કયારેય આરોપીને મળવાનુ થયેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સને ૨૦૧૬-૨૦૧૭ માં ઈન્કમટેક્ષ ફાઈલ કરતા હતા. તેઓએ સને ૨૦૧૭-૧૮ તથા સને ૨૦૧૮-૨૦૧૯ મા ઈન્કમટેક્ષ ફાઈલ કરેલ હતા. તેઓ ઉપરોકત સને ૨૦૧૬-૨૦૧૭,

૨૦૧૭–૨૦૧૮ તથા ૨૦૧૮–૨૦૧૯ માં ફાઈલ કરેલ ઈન્કમટેક્ષની કોપી રજુ રાખવા તૈયાર છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ૨૦૧૬–૨૦૧૭, ૨૦૧૭–૨૦૧૮ તથા ૨૦૧૮–૨૦૧૯ માં કરેલ ઈન્કમટેક્ષ ફાઈલમાં આરોપીને આપેલ હાથઉછીની રકમ રૂ.૨૧,૦૦,૦૦૦/– (રૂપીયા એકવીસ લાખ પુરાં) નો ઉલ્લેખ કરેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ શીવ ડેરીનો આધાર પુરાવો આ કામમાં રજુ રાખેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ તકરારી ચેક સીવાય ત્રણ ચેક તેઓની પાસે પડેલા છે. તેઓએ આ તકરારી ચેક સીવાયના ત્રણ ચેકની ફરીયાદ કરેલી છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ૨૦૧૬–૨૦૧૭ માં સરકારી બેંક કે પ્રાઈવેટ બેંક પાસેથી લોન લીધેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આજ રોજ રજુ કરેલ ૨૦૧૭–૨૦૧૮ ના ઈન્કમટેક્ષ રીટર્નની કુલ આવક રૂ. ૧,૫૬,૭૫૦/– ની બતાવેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સને ૨૦૧૭–૨૦૧૮ ના ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલા છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સને ૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૮–૨૦૧૯ ના ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલા નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાકંન કરતા પહેલા એન. આઈ. એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના કાયદેસરના અનુમાન બાબતેની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

Section-118. Presumptions as to negotiable instruments:-

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration:—that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date:—that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance:—that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its

maturity;

(d) as to time of transfer:— that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of indorsements:— that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear then on;

(f) as to stamp:— that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course:—that the holder of a negotiable instrument is a holder in due course: provided that, where the instrutment has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

Section-139. Presumption in favour of holder:-

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

(૯.૧) ફરીયાદીને હાલની આ ફરીયાદ કરવાતી સત્તા રહેલી છે કે કેમ? તે બાબતે આંક–૩૪ થી રજુ ચેક જોવામાં આવે તો તેમાં પેઈના કોલમમાં હાલના ફરીયાદીનુ નામ જણાઈ આવે છે. આમ, ફરીયાદી હોલ્ડર ઈન ડયુ કોર્ષ છે. આમ, ફરીયાદીને હાલની આ ફરીયાદ કરવાની સત્તા રહેલી છે.

(૯.૨) તેમજ આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ તેમની બેંકમા અનુક્રમે તા.૧૭/૦૪/૨૦૧૮ તથા તા.૦૨/૦૭/૨૦૧૮ ના રોજ વટાવવા સારૂ રજુ કરતા બંને વખત ''અપુરતા ફંડ'' ના શેરાવાળા મેમા સાથે તા.૧૮/

૦૪/૨૦૧૮ તથા તા. ૦૩/૦૭/૨૦૧૮ ના રોજ ચેક પરત આવેલ. તેમજ બેંક દ્વારા આપવામાં ચેક રીટર્ન મેમાઓ આંક:૩૫ તથા ૩૬ થી રજુ રાખવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો, સદર ચેક ''અપુરતા ફંડ'' ના શેરા સાથે તા.૧૮/૦૪/૨૦૧૮ તથા તા.૦૩/૦૭/ ૨૦૧૮ ના રોજ પરત આવેલ છે. ત્યારબાદ, ફરીયાદીએ તેમના વિ. વ. શ્રી દ્વારા આરોપીને સ્ટેચ્યુટરી ડીમાન્ડ નોટીશ તા.૦૯/૦૭/ ૨૦૧૮ ના રોજ મોકલાવેલ. જેની આર. પી. એડની પહોંચ આંક–૩૮ થી રજુ રાખવામાં આવેલ છે. જે વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીએ આરોપીને સ્ટેચ્યુટરી ડીમાન્ડ નોટીસ મોકલાવેલ છે. તેમજ ફરીયાદી તરફે આંક–૩૯ થી પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો, આરોપીને નોટીસ મળી ગયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. તેમજ લીગલ ડીમાન્ડ નોટીસની ઓફીસ કોપી આંક–૩૭ થી રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો, તેમા ચેકની રકમની ડીમાન્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીએ નિયત સમયમર્યાદામાં ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ન ચુકવતા ફરીયાદીએ તા.૦૭/૦૮/ ૨૦૧૮ ના રોજ હાલની આ ફરીયાદ કરેલ છે. આમ, ફરીયાદીને નિયત સમયમર્યાદામાં હાલની આ ફરીયાદ કરેલ છે. આમ, ફરીયાદીએ હાલની આ ફરીયાદ એન. આઇ. એકટની સમયમર્યાદા બાબતેની તમામ કાયદેસરની કાર્યવાહી અનુસરીને કરેલ છે.

(૯.૩) ફરીયાદી આંક–૩૪ થી રજુ ચેકનુ એકઝીકયુશન પુરવાર કરવામાં સફળ થયેલ છે કે કેમ? તે બાબતે જોવામાં આવે તો, નામ. ગુજરાત હાઇકોર્ટ તથા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા અનેક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "Once the issuance of cheque is proved by the complainant presumption will arise, and then the burden is upon the accused to show that no such consideration or debt existed." ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવેલ છે કે, આરોપીને તા.૦૯/૦૯/ ૨૦૧૬ ના રોજ હાથ ઉછીના રૂ.૨૧,૦૦,૦૦૦/– આપેલ. જેના બદલામાં આરોપીએ તા.૧૮/૧૧/૨૦૧૭ ના રોજ પ્રોમીસરી નોટ કરી

આપેલ અને પોતાના રાજકોટ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક લી. માં આવેલ ખાતાના કુલ ચાર ચેકો (૧) ચેક નં.૦૪૭૨૭૯, (૨) ચેક નં.૦૪૭૨૭૭, (૩) ચેક નં.૦૪૭૨૮૦ તથા (૪) ચેક નં.૨૨૯૪૯૭ વાળા ચેકો આપેલા. જે પૈકી ફરીયાદીએ હાલની આ ફરીયાદ ચેક નં.૦૪૭૨૭૯, રૂા.૮,૦૦,૦૦૦/–, તા.૧૫/૦૪/ ૨૦૧૮ બાબતે કરેલ છે. આ કામે ફરીયાદી તરફે આંક–૩૪ થી રજુ ચેક નં. ૦૪૭૨૭૯ જોવામાં આવે તો, તેમાં હાલના આરોપીની સહી છે તેમજ પેઇના કોલમમાં હાલના ફરીયાદીનું નામ લખેલ છે. જે ચેક તા.૧૫/૦૪/૨૦૧૮ ના રોજનો છે અને રૂા.૮,૦૦,૦૦૦/– નો છે. આરોપી તરફે ચેકમાં તેમની સહી નથી કે ચેક તેમના ખાતાનો નથી તેવો કોઇ બચાવ ફરીયાદીએ મોકલાવેલ ડીમાન્ડ નોટીસનો જવાબ આપી લેવામાં આવેલ નથી કે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન લેવામાં આવેલ નથી કે તે બાબતે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આંક–૩૪ થી રજુ ચેક લેશમાત્ર પડકારવામાં આવેલ નથી. આમ, ફરીયાદી ચેકનું એકઝીકયુશન પુરવાર કરવામાં સફળ રહેલ છે. આંક–૩૪ થી રજુ ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ હતો તેવુ ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. પરંતુ એન. આઇ. એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું કાયદાકીય અનુમાન ખંડન થઇ શકે તેવા પ્રકારનું છે. તેમજ સદર કાયદાકીય અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે. તેમજ RANGAPPA V/S Shri Mohan, 2010(11) SCC 441 ના ઉચ્ચસ્તરીય ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "In the event the accused is able to raise a probable defence which creates doubt with regard to the a existance of a debt or liability, the presumption may fail." તેમજ એ હકિકત ધ્યાને લેવાની રહે છે કે, એન. આઇ. એકટના કેસમાં આરોપીએ તેમનો બચાવ શંકાથી પર સાબીત કરવાની જરૂર નથી. આરોપીએ જયારે પોતાનું બર્ડન ડીસ્ચાર્જ કરેલ હોય ત્યારે પુરાવાનો ભાર ફરી ફરીયાદી ઉપર શીફ્ટ થાય છે. તેમજ આરોપી તરફે બચાવ સાબીત કરવા સાબીતીનું ધોરણ સંભવીતતાનુ છે અને તેના માટે કોઇ સક્ષમ અને વ્યાજબી પુરાવાની જરૂર

નથી. આરોપીએ પ્રોબેબલ પુરાવો રેકર્ડ પર લાવવાનો છે. આમ, આરોપી સદર અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ કાયદેસરનું અનુમાન નિષ્ફળ જાય. આમ, સદર કાયદાકીય અનુમાનનું ખંડન કરી આરોપીએ એ હકિકત પુરવાર કરવાની રહે છે કે, આવુ કોઈ કાયદેસરનું લેણું કે જવાબદારી અસ્તિત્વમાં હતી નહી. સદર કામે એ હકિકત ધ્યાને લેવાની રહે છે કે, એન. આઇ. એકટનાં કેસમાં આરોપી ઉપર પોતાનો બચાવ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો હોતો નથી. પરંતુ આરોપીએ પોતાનો બચાવ એક સામાન્ય બુધ્ધિશાળી વ્યકિત પણ જે શંકા અને શકયતાઓનુ અસ્તિત્વ માનવા પ્રેરાય તે રીતે માત્ર શકયતાઓના આધારે એટલે કે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનાં આધારે પુરવાર કરવાનો હોય છે, પરંતુ તેવો બચાવ કોઇ આધારે હોવો જોઇએ. તેમજ આરોપીએ ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાઓનું ખંડન કરવા માટે તથા કાયદા મુજબનાં અનુમાનનું ખંડન કરવા માટે લેખિત તેમજ મૌખિક પુરાવા રજુ કરવા જોઇએ એવુ જરૂરી નથી પરંતુ ફરીયાદપક્ષ જે હકિકતના આધારે ફરીયાદ લઇને આવેલ હોય તથા જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ હોય તેના આધારે પણ અનુમાનનું ખંડન કરી શકે છે. તેમજ આરોપીપક્ષ દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ હોય તે દરમ્યાન રેકર્ડ ઉપર લાવવામાં આવેલ હકિકતોને ધ્યાને રાખીને પણ સદર અનુમાનનું ખંડન થયેલ છે તેમ માની શકાય તેમ છે, પરંતુ તે ત્યારે જ માની શકાય કે જયારે ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર લાવવામાં આવેલ હકિકત ફરીયાદ હકિકતથી વિરોધાભાષી હોય અને જે ફરીયાદીના પુરાવા ઉપર શંકા ઉત્પન્ન કરતી હોય. આમ, આરોપીએ માની શકાય તેવો પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર લાવવાનો હોય છે. આમ, આરોપી પોતાનો પ્રોબેબલ ડિફેનસ રેકર્ડ પર લાવવામાં સફળ રહે નહી ત્યાં સુધી આંક–૩૪ થી રજુ ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ હતો તેવુ ફરીયાદીની તરફેણમા અનુમાન કરવાનું રહે છે.

(૯.૪) આ કામે આરોપીએ કોઇ લેખીત કે મૌખીક પુરાવો આપેલ નથી.

આમ, આરોપીના બચાવનો એકમાત્ર આધાર ફરીયાદીના પુરાવા તથા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર લાવવામાં આવેલ હકિકતો પર રહેલ છે. આરોપી દ્વારા નીચે મુજબના બચાવ લેવામાં આવેલ છે.

(૧) તા.૦૯/૦૯/૨૦૧૬ ના અરસામાં રૂ.૨૧,૦૦,૦૦૦/- આપવા જેટલી ફરીયાદીની આર્થિક સક્ષમતા હતી નહી.

(૨) ફરીયાદવાળો ચેક સીકયુરીટી પેટે આપવામાં આવેલો.

(૯.૫) આરોપી દ્વારા લેવામાં આવેલ ઉપરોકત બચાવો સંદર્ભે જોવામાં આવે તો, આરોપી ધ્વારા ફરીયાદીની આર્થિક સક્ષમતા બાબતે તથા સીકયુરીટી પેટે ચેક આપવામાં આવેલ હોવા બાબતે બચાવ લેવામાં આવેલ છે. આર્થિક સક્ષમતા બાબતે નામ. સુપ્રિમ કોર્ટના ઉચ્ચસ્તરીય ન્યાય નિર્ણયમાં પ્રસ્થાપીત સિંદ્ધાંત ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે જે નીચે મુજબ છે.

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા APS FOREX SERVICES ના ઉચ્ચસ્તરીય ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "whenever the accused questions the financial capacity of the complainant in support of probable defense, then despite the presumption under Section 139 of the N.I. Act about the presumption of legally enforceable debt, it is incumbent upon the complainant to prove his financial capacity, especially when it is a case of giving loan by cash and thereafter issuance of a cheque.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા BASALINGAPPA ના ઉચ્ચસ્તરીય ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "when Accused challenges the financial capacity of the Complainant, and when the Complainant fails to give satisfactory explanation of his financial capacity, the same would raise a probable defense on behalf of the Accused, which would shift the burden on the Complainant to prove his financial capacity and other facts."

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા K Subramani vs K Damodara Naidu ના ઉચ્ચસ્તરીય ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "The

Complainant had alleged to have given loan of Rs.14 lac in cash to the Accused. The Complainant had not shown such amount in Income Tax Return nor did he produce his bank statement. There was no proof that Complainant had source of income to give cash loan of Rs. 14 lac to the Accused. The Ld. Trial Court had acquitted the Accused. The High Court quashed the judgment of the trial Court and remanded the matter for retrial. Allowing the Appeal, the Hon'ble Apex Court held that findings of the Trial Court that Complainant had failed to show source of income to lend sum of Rs.14 lac to Accused was based on evidence on record and accordingly judgement of the High Court was set aside and order of acquitted passed by the Trial Court was upheld."

(૪) નામદાર કેરાલા હાઈકોર્ટ દ્વારા Sunitha vs . Sheela Antony ના ઉચ્ચસ્તરીય ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "once the accused challenges the financial capacity of the complainant to advance the money, then despite the presumption under section 139 of the Act, the complainant has the obligation to prove his financial capacity or the source of the money allegedly lent by him to the accused. It was further held that complainant has no initial burgen to prove his financial capacity or the source of the money, and such obligation would arise only when his capacity or capability to advance the money is challenged by the accused."

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા B. M. Manvawala V / s State Of Gujarat ના ઉચ્ચસ્તરીય ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, " If the complainants financial capacity had been contested, it was his responsibility to furnish concrete evidence of the transaction."

ઉપરોકત ઉચ્ચસ્તરીય ન્યાયિક નિર્ણયોમાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી આરોપી દ્વારા ચેલેન્જ કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીએ તેમની ફાયનાન્સિયલ કેપેસીટી સચોટ અને સબળ પુરાવા દ્વારા પુરવાર કરવાની

રહે છે. તેમજ જયારે રોકડ લોન બાબતેનો વ્યવહાર હોય અને આરોપી દ્વારા ફરીયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી ચેલેન્જ કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીએ તેમની ફાયનાન્સિયલ કેપેસીટી પુરવાર કરવી જ પડે. સદર કામે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ દ્વારા ફરીયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી બાબતે સવાલો પુછવામાં આવેલ છે. ફરીયાદીએ ઉલટતપાસ દરમ્યાન જણાવેલ છે કે, સને–૨૦૧૫–૨૦૧૬ માં તેઓ એક સહકારી મંડળીમાં મંથલી કલેકશનનું કામ કરાવતા હતા જેમાંથી દર મહિને રૂપીયા વીસથી પચ્ચીસ હજારનું કમીશન મળતુ હતુ. તેમજ ઓમ ઇન્ડસ્ટ્રીઝથી ધંધો કરતા હતા જેમા કોઇ પાર્ટનર હતુ નહી. તેમણે મંડળીમાં સને–૨૦૧૩ થી ૨૦૨૦ સુધી કામ કરેલુ જેની કમીશનની રકમ રોકડમાં મળતી. તેમની ઓમ ઇન્ડસ્ટ્રીઝની વાર્ષીક આવક રૂપીયા પાંચેક લાખ જેટલી છે. તેમને રાજકોટમાં શીવ ડેરી સને–૨૦૦૯ થી ૨૦૧૩ સુધી ચાલુ રાખેલી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સને–૨૦૧૬–૨૦૧૭ માં સરકારી બેંક કે પ્રાઇવેટ બેંક પાસેથી લોન લીધેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ તેમણે તેમનુ કારખાનું કે દુકાન વેચેલ હોય તેવુ બનેલ નથી.

(૯.૬) ઉપરોક્ત ઉલટતપાસ દરમ્યાન આપવામાં આવેલ જવાબો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી પાસે આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/– આપેલા તે બાબતે મૌખિક પુરાવા સિવાય કોઈ પુરાવો નથી. તેમજ ફરિયાદી તેમના ધંધામાંથી વાર્ષિક પાંચેક લાખ કમાતા હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ તે બાબતે લેશમાત્ર દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. સદર હકીકત ફરિયાદી તેમના ધંધાના હિસાબી ચોપડાઓ તથા ઈન્કમટેક્ષ રિટર્ન તથા બેંક સ્ટેટમેન્ટ રજુ કરી પુરવાર કરી શકે તેમ હતા પરંતુ તેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ ફરિયાદીએ આ કામે રજુ રાખેલ નથી. તેમજ આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/– ની રોકડ લોન આપેલ તે બાબતે ફરિયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી પુરવાર કરવા માટે હિસાબી ચોપડાઓ તથા જે તે સમયના ઈન્કમટેક્ષ રિટર્ન તથા બેંક સ્ટેટમેન્ટ ખુબ જ સારા પુરાવા કહી શકાય જે આ કામે ફરિયાદી દ્વારા રજુ કરવામાં આવેલ

નથી. તેમજ આરોપી દ્વારા ફરિયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી પડકારવામાં આવેલ હોય તેવા સમયે ફરિયાદીએ પોતાની ફાયનાન્સિયલ કેપેસિટી પુરવાર કરે તેવા દસ્તાવેજી પુરાવાઓ જેવા કે, હિસાબી ચોપડાઓ, ઈન્કમટેક્ષ રિટર્ન, બેંક સ્ટેટમેન્ટ તથા આવકના સ્ત્રોત બાબતેના પુરાવા રજુ કરવા જોઈએ પરંતુ ફરિયાદીએ તેવા કોઇ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ નથી. ફરિયાદીએ સદર રૂા.૨૧,૦૦,૦૦૦/- ની રકમ બેંકમાંથી ઉપાડેલી હોય કે કોઈની પાસેથી ઉછીની લીધેલ હોય તેવી પણ કોઈ હકીકત જણાવેલ નથી. આમ, ફરિયાદી તેમની ફાયનાન્સિયલ કેપેસીટી બાબતે સંપુર્ણ મૌન રહેલ છે. તેમજ ફરીયાદીએ ઉલટતપાસ દરમ્યાન એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે સને-૨૦૧૭-૨૦૧૮ ના ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ છે જયારે સને-૨૦૧૬-૨૦૧૭, ૨૦૧૮-૨૦૧૯ ના ઇન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ નથી. આમ, ફરિયાદી પાસે રૂપિયા એકવીસ લાખ કહેવાતા વ્યવહાર સમયે હોવા બાબતેનો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, ફરિયાદીએ તેમની આવક બાબતેના લેશમાત્ર દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી જે હકીકત ફરિયાદીની વિરુદ્ધમાં અનુમાન કરવા તરફ લઈ જાય છે. આમ, ફરિયાદી પાસે સને-૨૦૧૬ ના સમય દરમ્યાન રૂપિયા એકવીસ લાખ જેટલી માતબર રકમ કેવી રીતે આવેલી તે બાબતે કોઈ સંતોષકારક પુરાવા રેકર્ડ પર આવેલ નથી તે જોતા ફરિયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી શંકાના દાયરામાં આવી જાય છે. આમ, માત્ર ફરિયાદીનો મૌખિક પુરાવો કે તેમણે આરોપીને રૂપિયા એકવીસ લાખ જેટલી મોટી રકમ આપેલી તે ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ હકીકત જોતા માનવાલાયક જણાઈ આવતી નથી. તેમજ જ્યારે રોકડમાં લોન આપેલ હોવાની હકીકત સાથે ફરિયાદી કેસ લઈને આવેલ હોય ત્યારે ફરિયાદીએ તેમની ફાયનાન્સિયલ કેપેસીટી પુરવાર કરવી જ પડે.

(૯.૭) આમ, બચાવપક્ષ દ્વારા ફરિયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી બાબતે જે ડિફેન્સ લેવામાં આવેલ છે અને તે સંદર્ભે રેકર્ડ પર જે પુરાવા આવેલ છે તે ધી એન.આઈ.એક્ટની કલમ-૧૧૮ તથા ૧૩૯ ના

અનુમાનનું ખંડન કરવા માટે પુરતા છે કે કેમ? તે બાબતે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન પુછવામાં આવેલ બે સવાલો ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે જે નીચે મુજબ છે.

સવાલ નં.૧ તમે પ્રોમીસરી નોટ કરાવેલી ત્યારે આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/– રોકડા આપેલા અને તે રકમ પેટે આરોપીએ તમને ચેક આપેલા છે?

સવાલ નં.૨ સને ૨૦૧૫–૨૦૧૬ માં તમારી પાસે રૂા.૨૧,૦૦,૦૦૦/– ન હતા પણ તમારા મીત્રએ તમને આપેલા?

ઉપરોકત બંને સવાલોના જવાબ ફરીયાદીએ ઈન્કારીયત સ્વરૂપમાં આપેલા છે. પરંતુ સદર બંને સવાલો દ્વારા એ સજેશન આરોપી દ્વારા ચોકકસ રેકર્ડ પર લાવવામાં આવેલ છે કે, ફરીયાદી દ્વારા આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/– આપવામાં આવેલા છે. તેમજ સદર બંને સવાલોના જવાબ ઈન્કારીયત સ્વરૂપમાં આપવામાં આવેલ હોવા છતા એ હકિકત સ્પષ્ટરીતે માની શકાય તેમ છે કે, ફરીયાદી દ્વારા આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/– આપેલ હોવાની હકિકત ગર્ભીત રીતે સ્વીકારવામાં આવેલ છે. તેમજ ફરીયાદીએ આંક–૩૩ થી પ્રોમીસરી નોટ રજુ રાખેલ છે. સદર પ્રોમીસરી નોટ વંચાણે લેતા પહેલા એ હકિકત ધ્યાને લેવાની રહે છે કે, ફરીયાદીએ હાલના આરોપી સામે હાલની ફરીયાદ સીવાય અન્ય ફરીયાદો કરેલ છે જે પૈકી ફોજદારી કેસ નં.૩૩૨૬/૨૦૨૧ ના કામે અસલ પ્રોમીસરી નોટ રજુ રાખેલ છે. આંક–૩૩ વાળી પ્રોમીસરી નોટ વંચાણે લેવામાં આવે તો, તેમાં હાલના આરોપીની સહી છે. તેમજ તા.૦૯/૦૯/ ૨૦૧૬ ના રોજ ફરીયાદીએ આરોપીને રૂા.૨૧,૦૦,૦૦૦/– રોકડા આપેલ હોવાનો અને તે પેટે આરોપીએ ચેક નં.૦૪૭૨૭૯, ચેક નં.૦૪૭૨૭૭, ચેક નં.૦૪૭૨૮૦ તથા ચેક નં.૨૨૯૪૯૭ આપેલા હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમજ સદર પ્રોમીસરી નોટમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, આરોપીએ રૂા.૨૧,૦૦,૦૦૦/–, તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં ફરીયાદીને પરત આપવાના રહેશે અને સદર સમયમર્યાદામાં આરોપી રકમ ચુકવવામાં નિષ્ફળ નીવડે તો ફરીયાદી આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક દ્વારા રકમ વસુલ લેવા હકકદાર રહેશે. તેમજ

આરોપી દ્વારા સદર પ્રોમીસરી નોટમાં આરોપીની સહી નથી કે આરોપીએ સદર પ્રોમીસરી નોટ કરી આપેલ નથી તેવો લેશમાત્ર બચાવ લેવામાં આવેલ નથી તેવા સંજોગોમાં સદર પ્રોમીસરી નોટ ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. આ કામે તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં આરોપી દ્વારા ફરીયાદીને લેણી રકમ ચુકવી આપવામાં આવેલ હોય અને તેમ છતા ફરીયાદી દ્વારા ચેકોનો દુરૂપયોગ કરવામાં આવેલ હોય તેવો કોઈ બચાવ આરોપી દ્વારા લેવામાં આવેલ નથી. આમ, સ્પષ્ટ રીતે માની શકાય તેમ છે કે, આરોપીએ તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં ફરીયાદીની લેણી રકમ ન ચુકવતા ફરીયાદીએ આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક તેમની લેણી રકમ વસુલ મેળવવા માટે બેંકમાં રજુ કરેલ.

(૯.૮) તેમજ આરોપી જયારે ફરીયાદીની ફાયનાન્સિયલ કેપેસીટી પડકારતા હોય ત્યારે આરોપીએ એ હકિકત પણ પુરવાર કરવાની રહે છે કે, આરોપીના ખાતાનો ચેક ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ. જો આરોપી તે બાબતે માની શકાય તેવો યોગ્ય ખુલાસો કરવામાં નિષ્ફળ જાય તો કોર્ટે સ્પષ્ટ અનુમાન કરવાનું રહે છે કે, આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ હતો. તેમજ આ કામે નામ. સુપ્રીમ કોર્ટના M.Abbas Haji V/s. T.N.Channakeshava 2019 A.I.R. (SC) 4617 SUPREME COURT ના ઉચ્ચસ્તરીય ન્યાય નિર્ણયમાં પ્રસ્થાપીત સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી જણાય આવે છે જેમાં પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે, Accused has to explain as to how his cheque entered into the hands of the complainant. આરોપી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન એવો બચાવ લેવામાં આવેલ છે કે, સને-૨૦૦૯-૨૦૧૩ માં તકરારી ચેકો ફરીયાદી પાસે સિકયુરીટી પેટે પડેલ હતા જેનો ફરીયાદીએ ઉલટતપાસ દરમ્યાન ઈન્કાર કરેલ છે. તેમજ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપી સાથે સને-૨૦૧૦-૨૦૧૧ માં વ્યવહાર થયેલ હોવા બાબતે પુછવામાં આવે છે જેનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે. આરોપીએ માત્ર ફરીયાદીના પુરાવામાં શંકા ઉત્પન્ન કરવાની નથી પરંતુ કોજન્ટ પુરાવાથી એ હકિકત સાબીત કરવાની છે. આરોપી જયારે

એવો સ્પષ્ટ બચાવ લઈને આવેલ હોય કે, તકરારી ચેક સિક્યુરીટી પેટે આપવામાં આવેલ હતો તો આરોપીએ એ હકિકત સ્પષ્ટરીતે પુરવાર કરવી પડે કે, સિક્યુરીટી પેટે ચેક આપવામાં આવેલ હતો તે સમયે ફરીયાદીનું આરોપી વિરૂદ્ધમાં કોઈ કાયદેસરનું લેણું અસ્તીત્વ ધરાવતુ ન હતું અથવા તો તે લેણું આરોપીએ ભરપાઈ કરી આપેલ છે અને તેમ છતા ફરીયાદી દ્વારા આરોપીના ચેકનો દુરૂપયોગ કરવામાં આવેલ છે. આરોપી દ્વારા આવી કોઈ તકરાર ફરીયાદી દ્વારા મોકલવામાં આવેલ ડીમાન્ડ નોટીસનો જવાબ આપીને કે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન લેવામાં આવેલ નથી. આમ, તકરારી ચેક સિક્યુરીટી પેટે આપવામાં આવેલ હોવાની હકિકત પુરવાર કરવામાં આરોપી નિષ્ફળ રહેલ છે. તેમજ તકરારી ચેક ફરીયાદમાં જણાવેલ કાયદેસરના લેણાં સીવાય ફરીયાદી પાસે ખોટી રીતે ગયેલ હોય એવી કોઈ હકિકત આરોપી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે તે બાબતે લેશમાત્ર પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આંક-૩૪ માં રહેલ આરોપીની સહી કે અન્ય લખાણને આરોપી દ્વારા લેશમાત્ર પડકારવામાં આવેલ નથી. માત્ર ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન સવાલ પુછવામાં આવેલ છે કે, ફરીયાદવાળા તકરારી ચેકમાં તારીખ, નામ અને રકમ તમે ભરેલ છે જેનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે. Bir Sing V/s. Mukesh Kumar – 2019 AIR SC 2446 ના ઉચ્ચસ્તરીય ન્યાય નિર્ણયમાં પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે, A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to re-but the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee

may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence. તેમજ Oriental Bank of commerce V/s. Prabodh Kumar Tewari 2022 (3) CRIMES (SC) 345 SUPREME COURT ના ઉચ્ચસ્તરીય ન્યાય નિર્ણયમાં પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે, Drawer liable even if details in cheque filed up not by drawer, but by some other person, handwriting expert's report cannot rebut presumption under Section-139 of Negotiable Instrument Act-1881.

આમ, ઉપરોકત ઉચ્ચસ્તરીય ન્યાય નિર્ણયોમાં પ્રસ્થાપીત સીદ્ધાંત તથા ધી એન. આઇ. એકટની કલમ–૨૦ ની કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, આરોપી દ્ધારા કોરો ચેક આપવામાં આવેલ હોય અને ફરીયાદી દ્ધારા તેની વિગત ભરવામાં આવેલ હોય તો તે ઇનવેલીડ નથી અને આપવામાં આવેલ ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ ન હતો તે પુરવાર કરવાનો બોજો આરોપી પર જ રહે છે. તેમજ આ કામે આરોપી દ્ધારા એવો પણ કોઈ બચાવ લેવામાં આવેલ નથી કે, આરોપીએ ફરીયાદીને કોરો ચેક આપેલ જેમાં ફરીયાદી દ્ધારા વધુ રકમ ભરી ચેક પાસ થવા માટે બેંકમાં રજુ રાખવામાં આવેલ. આમ, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન જે સજેશન સ્વરૂપ પ્રશ્નો પુછવામાં આવેલ છે તે તથા આરોપીનો ચેક ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતેનો યોગ્ય ખુલાસો કરવામાં આવેલ નથી તે તથા આંક–૩૪ થી રજુ ચેકને લેશમાત્ર પડકારવામાં આવેલ નથી તે તથા પ્રોમીસરી નોટમાં આરોપીએ ફરીયાદીએ રૂા.૨૧,૦૦,૦૦૦/– આપેલ હોવાની હકિકત જણાવેલ છે તે તમામ હકિકતોને ધ્યાને લેતા ફાયનાન્સિયલ કેપેસીટી સંદર્ભે જે હકિકત રેકર્ડ પર લાવવામાં આવેલ છે તે ધી એન. આઇ. એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવા માટે પ્રયાપ્ત નથી.

(૧૦) આમ, આરોપી પોતાનો બચાવ કોજન્ટ પુરાવાથી રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલ છે. આમ, ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદી સફળ

રહેલ હોય. મુદ્દા નં..૧ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે. આમ, આરોપી સામે ધી એન. આઈ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર થતો હોય, નામ. સુપ્રિમ કોર્ટે જી. એલ. આર. ૨૦૧૨(૨) ૧૩૫૩, આર. વિજયન વિ. બેબીના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલા માર્ગદર્શક સીદ્ધાંતો તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ ધ્યાને લેતા તથા કેસની હકિકત ધ્યાને લેતા મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ''આખરી હુકમ'' કરવામાં આવે છે.

// આખરી હુકમ //

૧) આ કામના આરોપી રાજુભાઈ રાયધનભાઈ ચાવડાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી, ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીએ ફરીયાદીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૭ મુજબ ચેકની રકમ રૂા.૮,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા આઠ લાખ પુરા) ફરીયાદ કર્યા તારીખથી વાસ્તવિક ચુકવણી તારીખ સુધી વાર્ષિક ૯ ટકાના સાદા વ્યાજ સહિત આ હુકમ થયેથી દિન–૬૦ માં વળતર પેટે ચુકવી આપવી જો આરોપી ફરીયાદીને વળતરની રકમ ચુકવવામાં નીષ્ફળ જાય તો, આરોપીને વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આરોપીને આ ચુકાદાની એક નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તા: ૧૧ મી, માહે: જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૧/૦૬/૨૦૨૬
સ્થળ: ગોંડલ.

(કુ. જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ.
(GJ00921)